# દેવની ઈચ્છા પ્રમાણે કરવા બીજાઓને મદદ કરવી

***તમે શીખી રહ્યા છો એ બાબતો શા માટે બીજાઓને કહેવી? (૧)***
***તમે કોની સાથે સુસમાચારના સહભાગી થઈ શકો? (૨)***
***તમારી વર્તણૂકની બીજાઓ પર કેવી અસર પડી શકે? (૨)***
***તમે ક્યારે સ્થાનિક મંડળ સાથે પ્રચાર કરી શકો? (૩)***



૧. અત્યાર સુધીમાં, તમે બાઇબલમાંથી ઘણી સારી બાબતો શીખ્યા છો. એ જ્ઞાને તમને ખ્રિસ્તી વ્યક્તિત્ત્વ કેળવવા દોરવું જોઈએ. (એફેસી ૪:૨૨-૨૪) તમારે અનંતજીવન મેળવવા માટે એ જ્ઞાન જરૂરી છે. (યોહાન ૧૭:૩) તેમ છતાં, બીજાઓએ પણ એ સુસમાચાર સાંભળવાની જરૂર છે જેથી તેઓ પણ બચી શકે. સર્વ સાચા ખ્રિસ્તીઓએ બીજાઓને સાક્ષી આપવી જ જોઈએ. એ દેવની આજ્ઞા છે.—રૂમી ૧૦:૧૦; ૧ કોરીંથી ૯:૧૬; ૧ તીમોથી ૪:૧૬.



૨. તમે જે શીખી રહ્યા છો એ સારી બાબતોનાં તમારી પાસેના લોકો સાથે સહભાગી થઈને તમે શરૂઆત કરી શકો. એ તમારા કુટુંબને, સગાઓને, મિત્રોને, સહાધ્યાયીઓને, અને સહકર્મચારીઓને કહો. તમે એ કરો તેમ, માયાળુ બનો અને ધીરજ રાખો. (૨ તીમોથી ૨:૨૪, ૨૫) યાદ રાખો કે લોકો ઘણી વાર વ્યક્તિ જે કહે છે એ સાંભળવા કરતાં તેની વર્તણૂક તરફ જુએ છે. તેથી તમારી સારી વર્તણૂક તમે પ્રચાર કરો છો એ સંદેશો સાંભળવા લોકોને આકર્ષી શકે.—માત્થી ૫:૧૬; ૧ પીતર ૩:૧, ૨, ૧૬.

૩. સમય જતાં, તમે યહોવાહના સાક્ષીઓના સ્થાનિક મંડળ સાથે પ્રચાર કરવા જવાનું શરૂ કરવા લાયક બની શકો. એ તમારી પ્રગતિમાં એક મહત્ત્વનું પગલું છે. (માત્થી ૨૪:૧૪) તમે બીજા કોઈકને યહોવાહના એક સેવક બનવા તથા અનંતજીવન મેળવવા મદદ કરી શકો તો એ કેટલા આનંદનું કારણ થશે!—૧ થેસ્સાલોનીકી ૨:૧૯, ૨૦.

